# Bi 121 OLD TESTAMENT

## પાઠ : ૧૪ યુસુફ-એક ગુલામ (ઉત્પત્તિ અધ્યાય ૩૭,૩૯)

ઈશ્વરે તમને જે કાર્ય કરવા કહયું છે તે કરવા કદી તમે નિર્ણય લીધો છે શું ? અને જયારે એવો નિર્ણય લીધો હોય ત્યારે તમારા જીવનોમાં દરેક પાસાઓ ઉંધા પડતા હોય એવું લાગે છે શું ? આજની આ વાત એ યુવાન વિશે જણાવે છે કે, જેને આ બાબતનો સામનો કરવો પડયો. તેણે પોતાનાં ઈશ્વરને ન ઓળખનારા ભાઈઓને દર્શાવ્યુ કે, ઈશ્વર તેના દ્વારા શું કરવા માંગે છે. પરંતુ તે બાબતે ઘરમાં પ્રશ્નો ઉભા થયા. યાકુબનાં આ ૧૧મા પુત્ર યુસફનાં ૪ પાઠોમાંથી આ પ્રથમ પાઠની શરૂઆત છે. એ બહુ ઉત્સુકતા પ્રેરક છે કે, ઈશ્વર મુશ્કેલ પરિસ્થિતીઓમાં સમગ્ર કુટુંબને એક માત્ર વ્યકિત દ્વારા કેવી રીતે બચાવે છે.

યુસુફનો નાનો ભાઈ બેન્જામીન એ યાકુબનો છેલ્લો પુત્ર હતો. જયારે યુસફ મિસરમાં હતો ત્યારે તેનો જન્મ થયો. તેનાં જન્મ સમયે તેની માતા રાહેલ મૃત્યુ પામી અને બેથલેહેમમાં તેને દાટવામાં આવી. યુસુફ એ યાકુબનો સૌથી વહાલો દિકરો હતો અને તેનાં માટે તેણે ખુબ સુંદર ઝભ્ભો સિવડાવ્યો હતો.

આ બાબતને કારણે ભાઈઓમાં ઈર્ષા જન્મી. યુસફ, તેના ભાઈઓનાં દુષ્કૃત્યની વાત તેનાં પિતાને કહી દેતો તેથી ભાઈઓમાં ઈર્ષા તથા ક્રોધનું ઉમેરણ થયુ. આ વસ્તુ વધારે ત્યારે વધારે ખરાબ થવા લાગી કે જયારે યુસફ ૧૭ વર્ષનો હતો અને તેને આવેલા સ્વપ્નની વાત તેણે ઘરમાં કરી. તેણે કહયું, "મેં સ્વપ્નમાં જોયુ છે કે, આપણે ખેતરમાં પૂળીઓ બાંધતા હતા અને જુઓ મારી પૂળી ઉઠીને ઉભી રહી અને તમારી પૂળીઓ ચારે તરફ ઉભી રહી ને મારી પૂળી આગળ નમી" અને તેના ભાઈઓએ ગુસ્સાથી તેને કહયું, "શું તુ અમારા પર સત્તા ચલાવશે ?" ભાઈઓ યુસફ તેમના પર સત્તા ચલાવે તે વિચારી શકયા નહિ. યુસફે કહયું,"બીજા એક સ્વપ્નમાં સૂર્ય, ચંદ્ર તથા ૧૧ તારાઓ મારી સમક્ષ નમ્યા. આથી તેનાં પિતાએ પણ પુછયું, "શું તારી માતા તથા હું પણ તારી સામે જુકી જઈશ ?" પણ આ વાત યાકુબે યાદ રાખી.

થોડા વખત પછી તેનાં ૧૦ ભાઈઓ પોતાનાં ટોળા ચરાવવા ઘરથી દૂર ગયા. યાકુબે વિચાર્યુ કે, હું યુસફને મોકલીશ કે જેથી તેના ૧૦ દિકરાઓ શું કરે છે તે પોતે તે જાણે. આથી જ યારે દુરથી યુસફને તેનાં ભાઈઓએ આવતો જોયો કે તરત જ અંદરોઅંદર ચર્ચા કરી કહયું, "પેલો સ્વપ્ન પતિ અત્યારે આવે છે. ચાલો તેનાં સ્વપ્નનો અહિ જ અંત આણીએ. આપણે તેને મારી નાખીને ઉંડા ખાડામાં ફેંકી દઈએ અને ઘરે કહીશું કે, કોઈ જંગલી જાનવરે તેને ફાડી ખાધો છે. અને આપણે જોઈશું કે, તેનાં સ્વપ્નનું શું થયું."

સૌથી મોટો ભાઈ રુબેને જણાવ્યું, "તેને મારી ન નાખો. આપણે તેનું લોહી ન વહાવીએ. પણ તેને સુકા કુવામાં ફેંકી દઈએ." તેની ઈચ્છા હતી કે, પાછળથી આ છોકરાને બચાવીને તેને ઘરે પાછો લઈ જઈ શકાય. આથી તેનાં ભાઈઓએ પણ સહેમત થઈને યુસફને બાંધી દીધો અને તેને ખાડામાં નાંખ્યો. રુબેન ખાડાથી દૂર ચોકી કરતો હતો જયારે બીજા ભાઈઓ જમવા બેઠા.

જયારે તેનાં ભાઈઓ જમી રહયા તે સમયે વેપારીઓનો કાફલો તેઓએ જોયો, જે મિસર દેશમાં જતો હતો. યહુદાએ પોતાનાં ભાઈઓને કહયું, "શા માટે આપણે યુસફને મારી નાખીએ ? કેમકે તે આપણો ભાઈ તથા આપણુ લોહી છે. તેને બદલે આપણે તેને વચી દઈએ." આથી તેઓએ યુસફને ચાંદીનાં ૨૦ શેકેલે વેંચી દીધો. જયારે રુબેન પાછો આવ્યો ત્યારે તેણે જોયુ કે, તેનો ભાઈ ખાડામાં નથી ત્યારે તેણે પોતાનાં કપડા ફાડયા.

તેનાં બીજા ભાઈઓએ તેઓએ શું કર્યુ હતુ તે વિશે રુબેનને જણાવ્યું. સાથે મળીને પોતાના પિતાને કારણ આપવા સારુ તેઓએ એક વાર્તા ઘડી કાઢી. તેઓએ એક બકરું કાપીને તેનાં લોહીમાં યુસફનો ઝભ્ભો પલાળ્યો અને તેમનાં ઘરે તેમનાં પિતા પાસે તેઓ લાવ્યા. યાકુબે તે ઝભ્ભાને ઓળખ્યો અને પોકારી ઉઠયો, "જંગલી જાનવર દ્વારા યુસફ મારી નંખાયો છે." તેણે પોતાનાં વસ્ત્રો ફાડયા અને ઘણા દહાડા સુધી તેને સારુ શોક કર્યો. યુસફનાં મરણને કારણે હૃદયનાં ઉંડાણથી તેણે શોક કર્યો. તેણે કહયું, "મારા જીવનનાં અંત સુધી યુસફનાં મરણને કારણે હું શોક કરતો રહીશ."

યુસફને મિસરમાં લાવ્યા બાદ તેને ફારૂનનાં એક અમલદાર તથા રક્ષકોનાં સરદાર પોટીફાર નામનાં માણસને વેંચી દેવામાં આવ્યો. યુસફ ત્યાં ગુલામ તરીકે જીવવા લાગ્યો અને તે જે કંઈ કરતો તેમાં ઈશ્વર તેને આશીર્વાદીત કરતા. આથી પોટીફારની દ્રષ્ટીમાં તે ઘણું માન પામ્યો અને તેને તે કુશળ પણ બન્યો. આથી પોટીફારે પોતાનું જે હતુ તે સર્વ તેણે યુસફનાં હાથમાં સોંપ્યું.

હવે યુસફ તો સશકત બાંધાનો, સુંદર તથા રૂપાળો હતો. એક દિવસે પાટીફારની પત્ની એ યુસફને પોતાની સાથે સુઈ જવા કહયું. આથી યુસફે મનાઈ કરી જણાવ્યું કે, "એ તો ઈશ્વરની દ્રષ્ટિમાં તથા તેનાં માલીકની દ્રષ્ટિમાં ખુબ મોટુ પાપ ગણાય." આથી જયારે જયારે તક મળતી ત્યારે તે યુસફનો પીછો કરતી પણ હંમેશા યુસફ તેની મના કરતો.

એક વખતે જયારે તેનો પતિ અને તેનાં સઘળા સેવકો ઘરની બહાર હતા ત્યારે તેણે યુસફને વસ્ત્રથી પકડીને ખેંચવા કોશીશ કરી પરંતુ યુસફે તેમ થવા દીધુ નહિ. અંતે યુસફ પોતાનું ઉપવસ્ત્ર તેણીનાં હાથમાં જ છોડી દઈને બહાર દોડી ગયો.

આથી બદલો લેવાથી ભાવના તેણીમાં પ્રબળ બની. તે રાડ પાડી ઉઠી જેથી તેનાં ઘરનાં સેવકો તેણીની પાસે દોડી આવ્યા. તેણીએ તેઓને સંપૂર્ણ અસત્ય જણાવ્યું. તેણીએ કહયું કે,

"યુસફ મારા રુમમાં આવીને મને ખાટલા પર લઈ જવા બળજબરી કરવા લાગ્યો. પરંતુ મેં બુમ પાડી તેથી તે ભાગી ગયો." આવુ કહીને પોતાની વાતની સાબિતી આપતાં તેણે યુસફનું વસ્ત્ર તેઓને દેખાડયું. જયારે તેણીનો પતિ ઘરે આવ્યો ત્યારે તેણે આ જ વાતને ફરી દોહરાવી. આથી ગુસ્સામાં આવીને પોટીફારે જયાં રાજાનાં કેદીઓ અને અફસરોનાં કેદીઓને નાંખવામાં આવે છે તે કેદમાં યુસફને નાંખ્યો. હવે વિદેશથી આવેલા યુસફ જેવા ગુલામને માટે આ કોઈ સામાન્ય જગ્યા ન હતી. આમ છતાં આવા પરિક્ષણમાં પણ દેવ તેમની સાથે હતા તે વાત આપણે બીજા પાઠમાં જોઈશું.

આ વાર્તાનું મહત્વ એ છે કે, જેવી રીતે યુસફનાં જીવનમાં અત્યંત કઠણ મુશ્કેલીઓનો

સામનો કરવામાં આવ્યો તેવી રીતે ઈશ્વરનાં બાળકોનાં માટે ઈશ્વરની યોજના છે. તેણે આપણને વચન આપ્યું છ અને તેઓ તે કદી ભુલી જનાર નથી અથવા તો તે વચન કદી નિષ્ફળ જતુ નથી.

આ કથાનકનું હાર્દ એ છે કે, આપણો વિશ્વાસ ઈશ્વરમાં પુષ્કળ વધે તે માટે ઘણીવાર ઈશ્વર મુશ્કેલ પરિસ્થિતીઓને આપણા જીવનમાં આવવા દે છે. ઈશ્વર કદી પણ પોતાનાં બાળકોને ભુલી જતા નથી કે તરછોડતા નથી.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર. ૧ યુસફને આવેલા પ્રથમ સ્વપ્ન પરત્વે તેનાં ભાઈઓનો પ્રતિભાવ કેવો હતો ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે,– તેના ભાઈઓ ગુસ્સે થયા કેમકે યુસફ તેઓ પર રાજ કરે તે તેઓ વિચારી શકતા ન હતા– તો તમે સાચા છો.

પ્ર.૨ સ્વપ્નપતિથી છુટવા માટે યુસફના ભાઈઓની પ્રથમનું કાવતરુ કયુ હતુ ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે – ચાલો આપણે તેને મારી નાખીએ અને ઉંડા ખાડામાં તેને ફેંકી દઈએ– તો તમે સાચા છો.

પ્ર.૩ પોટીફારની પત્ની સાથે સુઈ જવાનું યુસફે શા માટે નકાર્યુ ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે – તેણે કહયું કે, એ તો ઈશ્વર તથા તેનાં માલિકની વિરૂધ્ધમાં કરવામાં આવેલુ પાપ છે માટે તેણે નકાર્યુ – તો તમે સાચા છો.

યુસફની આ વાત જેઓએ સાંભળી નથી તેઓને જણાવો અને પછી આ પ્રશ્ન પુછો. "જયારે પોટીફારની પત્ની દવારા યુસફ પર પરિક્ષણ આવ્યું ત્યારે યુસફનો પ્રતિભાવ કેવો હતો ?" તે જણાવી શકયો હોત કે, આ વાતની કોઈને કદી ખબર નહિ પડે પરંતુ યુસફ જાણતો હતો કે, આ તો ઈશ્વરની તથા તેના માલિકની વિરૂધ્ધમાં આચરવામાં આવતુ મોટુ પાપ છે. શું તમે અવુ વિચારી શકો કે તમે તમારા પાપ ઈશ્વરથી છુપાવી શકશો ? અથવા શું તેઓ તમને સાચુ કે ખોટુ કરતા જુએ છે ?

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.